# અગ્રતા ક્રમ : ૧૫

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૭૨

## તા.૦૫/૦૨/૨૦૨૪

## કાયદા વિભાગ

## માન.ધારાસભ્યશ્રી :

## શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર

**પ્રશ્ન : છોટાઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ.**

# મુખ્ય પ્રશ્ન

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૨૩-૨૪માં છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકા ખાતે ૦૯ કોર્ટ માટે નવી જિલ્લા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને | હા,જી. |
| ૨ | જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે? | રૂ. ૩૦,૦૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજુરી તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. |

# પુરક નોંધ

| | |
|---|---|
| **૨.** | **છોટા ઉદેપુર ખાતે જિલ્લા કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે.** |
| જવાબ | છોટા ઉદેપુર ખાતે જિલ્લા કોર્ટની સ્થાપના તા.૨૪/૧૨/૨૦૧૬ના રોજ થયેલ છે. |
| **૩.** | **હાલ છોટા ઉદેપુર ખાતે જિલ્લા કોર્ટમાં કેટલા ન્યાયાધીશ છે અને તે કઈ કઈ કેડરના છે.** |
| જવાબ | માનનીય અધ્યક્ષશ્રી<br>હાલમાં છોટા ઉદેપુર જિલ્લા કોર્ટમાં મુખ્ય મથક પર ૬(છ) ન્યાયાધીશ કાર્યરત છે.<br>(૧) ડીસ્ટ્રીક્ટ જજ કેડર :- ૨(બે) ન્યાયાધીશ<br>(૨) સીનીયર સિવિલ જજ કેડર :- ૩ (ત્રણ) ન્યાયાધીશ<br>(૩) સીવીલ જજ કેડર :- ૧(એક) ન્યાયાધીશ |
| **૪.** | **હાલ છોટા ઉદેપુર જિલ્લા અદાલત ખાતે કાર્યરત સ્ટાફની વિગતો** |
| જવાબ | માનનીય અધ્યક્ષશ્રી<br>છોટા ઉદેપુર જિલ્લા અદાલત ખાતે મુખ્ય મથક પર વિવિધ સંવર્ગમાં કાર્યરત સ્ટાફની વિગતો મુજબ. |

| **ક્રમ** | **સંવર્ગનું નામ (વર્ગ)** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | રજીસ્ટ્રાર (વર્ગ-૧) | ૧ |

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

| | | |
|---|---|---|
| ૨ | બેન્ચ ક્લાર્ક ગ્રેડ –૧ (વર્ગ–૨) | ૩ |
| ૩ | સ્ટેનોગ્રાફર (વર્ગ–૨) | ૨ |
| ૪ | હેડ ક્લાર્ક (વર્ગ–૩) | ૬ |
| ૫ | સીનીયર ક્લાર્ક (વર્ગ–૩) | ૪ |
| ૬ | આસીટન્ટ (વર્ગ–૩) | ૧૫ |
| ૭ | બેલીફ(વર્ગ–૩) | ૩ |
| ૮ | પટાવાળા (વર્ગ–૪) | ૪ |

| | |
|---|---|
| **પ.** | **હાલ છોટા ઉદેપુર જીલ્લામાં આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની કેટલી જગ્યા છે?** |
| જવાબ | માનનીય અધ્યક્ષશ્રી<br>છોટા ઉદેપુર જિલ્લામાં આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની કુલ ૦૮ જગ્યા છે.<br>છોટા ઉદેપુર –૨<br>જેતપૂર પાવી–૧<br>ક્વાંટ–૧<br>બોડેલી–૨<br>નસવાડી–૧<br>સંખેડા–૧ |
| **૬.** | **હાલ છોટા ઉદેપુર જીલ્લામાં જીલ્લા સરકારી વકીલ તથા એડીશનલ સરકારી વકીલશ્રીની કેટલી જગ્યા છે?** |
| જવાબ | માનનીય અધ્યક્ષશ્રી<br>હાલમાં  છોટા ઉદેપુર જિલ્લામાં સરકારી વકીલશ્રીની ૦૧ જગ્યા તથા એડીશનલ સરકારી વકીલશ્રીની ૦૨ જગ્યા છે. |

**૭.** **છોટા ઉદેપુર જિલ્લા કોર્ટમાં તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ પેન્ડીંગ કેસોની સંખ્યાની વિગત**

જવાબ

| ક્રમ નં. | કેસોના પ્રકાર | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સિવિલ કેસો | ૯૨૬ |
| ૨ | ક્રિમિનલ કેસો | ૨૫૨૭ |
| | **કુલ** | **૩૪૫૩** |

**૮.** **હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલીકીનું છે. અથવા સરકારી છે કે ભાડે તેની વિગત.**

જવાબ હાલના કોર્ટનું મકાન ભાડાનું છે. સદર મકાન રાજા દ્વારા ૧ રૂપિયાના ટોકન પેટે ભાડે આપેલ છે.

**૧૦.** **નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ કેટલા કામોને વહીવટી મજુંરી આપવામાં આવેલ તેની માહિતી.**

જવાબ નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૧૨૧ કામો ને વહીવટી મજુંરી આપવામાં આવેલ છે.

**૧૧.** **છોટા ઉદેપુર ખાતે નવી કોર્ટ બનાવવી પડે તેના ફાયદા શું?**

જવાબ **રાજયમાં નવી કોર્ટ બિલ્ડીંગ્સ બનાવવાની જરૂરિયાત**

- રાજયમાં અગાઉની જૂની કોર્ટ બિલ્ડીંગોમાં ન્યાયાધીશશ્રીઓ તથા ન્યાયિક સ્ટાફ તથા વકીલશ્રીઓને કામ કરવા માટેનું વધુ સારુ અને યોગ્ય વાતાવરણ મળશે.

- જૂની કોર્ટ બિલ્ડીંગોમાં યોગ્ય પ્રમાણમાં રૂમની સંખ્યા નહીં હોવાના કારણે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ઘણી અગવડતા હતી.
- ન્યાયાધીશશ્રીઓ, વહીવટી સ્ટાફ, પક્ષકારો, સાક્ષીઓ, અન્ડર ટ્રાયલ કેદીઓની યોગ્ય સુરક્ષા પુરી પડી રહે અને કોર્ટના રેકર્ડની યોગ્ય સાચવણી થઇ શકે તે માટે નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ છે.

**<u>નવી કોર્ટ બિલ્ડીંગથી પ્રજાને થનાર ફાયદા:</u>**

- કેસના ભારણને ધ્યાને રાખીને નામ .વડી અદાલત દ્વારા વધુ જજોની પણ નિમણુંક કરી શકશે.
- સિટિઝન ફ્રેન્ડલી કોર્ટ બિલ્ડીંગ મળી રહેશે.
- પક્ષકારો તથા સાક્ષીઓ તથા અન્ડર ટ્રાયલ પ્રીઝનર્સને જરૂરી બેઠક વ્યવસ્થા તથા સુરક્ષા મળી રહેશે.
- ન્યાયાધીશશ્રીઓ, પક્ષકારો તથા વકીલશ્રીઓને સુવિધાપૂર્ણ સાનુકુળ વાતાવરણમાં કામગીરી કરવા મળશે અને તેના કારણે કેસોનો ઝડપથી ન્યાયિક નિકાલ થઇ શક્શે.

નવી કોર્ટ બિલ્ડીંગમાં જરૂરી માળખાગત સુવિધાઓ હોવાના કારણે કોમ્પ્યુટરાઈઝેશન કરવાની પ્રક્રિયામાં સરળતા થશે.

| **૧૨.** | **છોટા ઉદેપુર ખાતે જિલ્લા કોર્ટમાં મીડીએશન સેન્ટર ઉપલબ્ધ થવાનું છે કે કેમ? જો હા તો તેનાં ફાયદા અને ઉપિયોગીતા વિષેની માહિતી** |
|---|---|
| જવાબ | હા.<br>લીટીગેશન ઘટાડવા માટેના જે વૈકલ્પિક રસ્તા છે તે પૈકી મીડીએશન(મધ્યસ્થી) એ ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક |

| | |
|---|---|
| | સમયથી ચાલી આવતી પરંપરા છે.<br>મીડીએશન દ્વારા પક્ષકારો પોતાના વિવાદને અલગ અલગ દ્દષ્ટિકોણથી જાણી, સમજી મીડીએશનની મદદથી તેમને માન્ય હોય તેવું સમાધાન અપનાવે છે.<br><br>આ પદ્ધતિમાં વિવાદોનું સત્વરે નિરાકરણ પક્ષકારો દ્વારા થાય તે માટે મીડીએટર મદદરુપ થાય છે જેના કારણે પક્ષકારો પોતે પોતાના વિવાદનો નિરાકરણ લાવી કોર્ટ કેસનો અંત લાવે છે જેથી કોર્ટનું ભારણ ઓછું થાય છે.<br><br>આ પ્રક્રિયામાં થતું સમાધાન એ હાયર ફોરમમાં પડકારી શકાય તેમ ન હોઈ ઉપલી અદાલતોમાં અપીલોનું ભારણ પરોક્ષ રીતે ઘટે છે,અને લોક અદાલત ઉપરાંત મીડીયેશન પણ કેસોમાં સમાધાન કરાવવા માટેની પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે ખર્ચરહિત નિરાકરણ કરવામાં આવે છે. |
| **૧૪.** | **તારીખ ૩૧/૧૨/૨૦૨૩ સ્થિતીએ કુલ કેટલા કોર્ટ બિલ્ડીગ છે.** |
| જવાબ | તારીખ ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ ૩૩૭ કોર્ટ કોમ્પલેક્ષ છે. જેમાં પોતાના હસ્તકના કોર્ટ બિલ્ડીંગ: ૨૭૦<br>સરકારી બિલ્ડીગ : ૫૪<br>ભાડાની જગ્યાએ : ૧૩ |

## છોટા ઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ

- છોટા ઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવા કામ તરીકે સૈદ્ધાંતિક મંજુરી મળેલ હતી.
- નામદાર હાઈકોર્ટ તરફથી સદર કામની દરખાસ્ત મળતા વિભાગે નાણા વિભાગ સમક્ષ સદર કામની દરખાસ્ત રજુ કરતા તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ છોટા ઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ બાંધકામના કામને વહીવટી મંજુરી મળેલ છે.

હવે પછીની તાંત્રિક મંજુરી મેળવવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. તાંત્રિક મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

# કોર્ટ ની સત્તા

| ક્રમ | કોર્ટનું નામ અને હોદ્દો | કોર્ટની સત્તા |
|---|---|---|
| ૧ | ડિસ્ટ્રિક્ટ જજ | અમર્યાદિત સજા (મૃત્યુ દંડ ) અને અમર્યાદિત દંડ<br>ક્રિમીનલ અપીલ ચલાવાની સત્તા |
| | | રૂ.૫૦,૦૦,૦૦૦/- સુધીની સિવીલ અપીલ ચલાવાની સત્તા |

<table>
<tr><td rowspan="2">૨</td><td rowspan="2">સીનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ</td><td>સાત વર્ષ સુધીની સજા અને અમર્યાદિત દંડ</td></tr>
<tr><td>કોઈ પણ રકમ ના દાવા ચલાવાની સત્તા</td></tr>
<tr><td rowspan="2">૩</td><td rowspan="2">સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ</td><td>ત્રણ વર્ષ સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ</td></tr>
<tr><td>રૂા.૨૫,૦૦,૦૦૦/– સુધીના દાવા ચલાવાની સત્તા</td></tr>
</table>

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ : ૧૫

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૭૨

### તા.૦૫/૦૨/૨૦૨૪

### કાયદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર**

**પ્રશ્ન : છોટાઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે. | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર |
| ૨ | છોટાઉદેપુર જિલ્લા કોર્ટ ખાતે વીડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે કે કેમ? તેનાથી થનારા ફાયદા જણાવશો. | શ્રી જયંતિભાઈ રાઠવા, જેતપુર |

**અગ્રતાક્રમ :– ૧૫**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૩૭૨**

**કાયદા વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર)**

➢ છોટાઉદેપુર ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે?

**જવાબ:**

➢ છોટાઉદેપુર ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં

| **નિર્માણાધીન કોર્ટની વિગતો** | **હાલની કોર્ટની વિગતો** |
|---|---|
| • છોટાઉદેપુર જિલ્લા કોર્ટના બાંધકામ માટે ૩૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.<br><br>• આ નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગનો બિલ્ટઅપ એરિયા ૯૧૯૦ ચો.મી. છે જેના માટે ૧૦૦૦૦ ચો.મી જમીન ફાળવેલ છે. આ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ+૦૨ માળનું કરવામાં આવનાર છે. | • હાલમાં કાર્યરત કોર્ટ જુના રાજાના મકાનમાં કાર્યરત છે. જે મકાન નું બાંધકામ સને ૧૯૧૩માં આશરે ૪૯૦૦ ચો.મી. માં થયેલ છે. હાલના કોર્ટનું મકાન ભાડાનું છે. સદર મકાન રાજા દ્વારા ૧ રૂપિયાના ટોકન પેટે ભાડે આપેલ છે. |

| | |
|---|---|
| • આ કોર્ટ બિલ્ડીંગમાં ૦૯ કોર્ટ રૂમ, કેન્ટીન, લાઈબ્રેરી, લેડીઝ બાર, જેન્ટસ બાર, વેઈટીંગ હોલ, વિડીઓ કોન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, ટોઇલેટ, લીફ્ટ વિગેરે જેવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે. | |

➢ સદર જિલ્લા કોર્ટના મકાન બાંધકામ માટે રૂ.૩૦.૦૦ કરોડની વહીવટી મંજુરી મળેલ છે.

**પેટા પ્રશ્ન ૨ (શ્રી જયંતિભાઈ રાઠવા, જેતપુર)**

- છોટાઉદેપુર જિલ્લા કોર્ટ ખાતે વીડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે કે કેમ? તેનાથી થનારા ફાયદા જણાવશો.

**જવાબ:**

- હા,
- વીડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થવાથી વર્ચુઅલ ન્યાયિક કાર્યવાહી જેમ કે,
- વર્ચુઅલ જુબાની લઈ શકાશે જેથી ન્યાયિક પ્રક્રિયા ઝડપી બની શકશે.
- તે રીતે રાજ્યની વીડીયો કોન્ફરન્સ માધ્યમ દ્વારા આરોપીઓની હાજરી નામ.અદાલતો દ્વારા નોંધી શકાય છે.
- કેદી પાર્ટીને લઈને કોર્ટોમાં લાવવા લઈ જવા માટેનો સરકારના ખર્ચમાં બચત થાય છે.
- કેદીઓની સુરક્ષા જળવાઈ રહે છે.
- પક્ષકારોનો કોર્ટોમાં અવરજવરનો ખર્ચ બચે છે.
- સમયનો બચાવ થાય છે.